**દીનાનાથ તમે મારી રક્ષા કરો, મમ મસ્તક પર તવ હસ્ત ધરો, હરિ હૈયા તણો સહુ મેલ હરો, સદ્‌વિચાર અને સદ્‌ભાવ ભરો.**


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૯૭ | ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૦, શનિવાર; અ. આસો સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૧૪૪૨ |
| અમદાવાદ | ૧૮૨ |
| ગાંધીનગર | ૩૫ |

# બિહારમાં ચૂંટણી જાહેર

**પ્રથમવાર ઓનલાઇન ઉમેદવારી થશે : ૩ તબક્કામાં મતદાન, ૧૦ નવેમ્બરે પરિણામ : ૨૪૩ બેઠકો માટે યોજાશે ચૂંટણી,૨૮ ઓક્ટો.એ ૭૧ બેઠકો પર, ૩ નવે.એ ૯૪ બેઠકો પર અને ૭ નવે.એ ૭૮ બેઠક પર મતદાન**



ન્યુ દિલ્હી,તા.૨૫

બિહારમાં ચૂંટણી મહાસંગ્રામનો આગાઝ થઈ ચૂક્યો છે. કોરોના સંકટ કાળમાં દેશમાં યોજાનાર આ પ્રથમ વિધાનસભા ચૂંટણી છે. ત્યારે ચૂંટણી પંચે બિહાર વિધાસભાની ચૂંટણી માટે ત્રણ તબક્કામાં ચૂંટણીના મતદાનની જાહેરાત કરી છે.

બિહારમાં ત્રણ તબક્કામાં ચૂંટણી યોજવાની જાહેરાત પાંચ દ્વારા કરવામાં આવી છે. જેમાં પ્રથમ ચરણ માટે મતદાન ૨૮ ઓક્ટોબર, બીજા ચરણનું મતદાન ૩ નવેમ્બર અને ત્રીજા ચરણનું મતદાન ૭ નવેમ્બરના રોજ કરવામાં આવશે. તો ૧૦ નવેમ્બરના રોજ મતદાનની ગણતરી કરવામાં આવશે. આ ચૂંટણીમાં સવારે ૭થી સાંજના ૬ વાગ્યા સુધી કરી શકાશે મતદાન. બિહારમાં ત્રણ તબક્કામાં ચૂંટણીનું આયોજન કરવામાં આવશે. જેમાં પ્રથમ તબક્કામાં ૧૬ જિલ્લાની ૭૧ બેઠક, બીજામાં તબક્કામાં ૧૭ જિલ્લાની ૯૪ બેઠક અને ત્રીજામાં તબક્કામાં ૧૫ જિલ્લાની ૭૮ બેઠક પર મતદાનનું આયોજન કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

# કૃષિ બિલના વિરોધમાં પંજાબ-હરિયાણામાં બંધ જડબેસલાક

**ઘણા રાજકીય પક્ષો દ્વારા કૃષિ બિલો સામે ખેડૂતોના પ્રદર્શનને ટેકો મળ્યો : પંજાબના મુખ્યમંત્રીએ ખેડૂતોને સમર્થન આપવાની ખાતરી આપતા રાજ્યમાં કલમ ૧૪૪ના ઉલ્લંઘન માટે એફઆઈઆર દાખલ નહીં કરવાની બાંયધરી આપી**



નવી દિલ્હી, તા.૨૫

શુક્રવારે સંસદના બંને ગૃહોમાં પસાર થનારા કૃષિ બિલ વિરુદ્ધ ખેડુતોનો વિરોધ પ્રદર્શન ભારે હોવાની સંભાવના છે. શુક્રવારે બિલના વિરોધમાં વિવિધ ખેડૂત સંગઠનોએ દેશવ્યાપી બંધનું આહવાન કર્યું છે. હરિયાણા અને પંજાબમાં આ બિલનો સખત વિરોધ થઈ રહ્યો છે. આ ઉપરાંત અન્ય ઘણા રાજ્યોમાં પણ ખેડુતોની સંસ્થાઓ સાથે રાજકીય પક્ષો પણ બિલના વિરોધમાં રસ્તાઓ પર ઉતરવા તૈયાર છે. પંજાબમાં ખેડૂત સંગઠન દ્વારા ગુરુવારથી કૃષિ બિલના વિરોધમાં ૩ દિવસના રેલરોકો આંદોલનનો પ્રારંભ કરાયો છે. પંજાબ અને હરિયાણામાં કૃષિ બિલોનો સૌથી વધુ વિરોધ જોવા મળ્યો છે. મળતી માહિતી મુજબ ૩૧ ખેડૂત સંગઠનોએ શુક્રવારે પંજાબ બંધનું આહવાન કર્યું છે. બીજી તરફ હરિયાણામાં ભારતીય કિસાન સંઘ સહિત અનેક ખેડૂત સંગઠનોએ બિલના વિરોધમાં ખેડુતોની હડતાલને ટેકો આપવાની જાહેરાત કરી છે. પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહે પણ તેમની લડતમાં ખેડુતોને સમર્થન આપવાની ખાતરી આપી છે. તેમણે કહ્યું કે શુક્રવારે રાજ્યમાં કલમ ૧૪૪ના ઉલ્લંઘન માટે કોઈ એફઆઈઆર દાખલ કરવામાં આવશે નહીં. સીએમએ ખેડૂત પ્રદર્શનકારીઓને અપીલ કરતા કહ્યું કે, આંદોલન દરમિયાન કાયદો અને વ્યવસ્થાનું ઉલ્લંઘન ન થવું જોઈએ. તેમણે કહ્યું હતું કે આંદોલન દરમિયાન લોકોને અસુવિધા ન થાય અને જાહેર સંપત્તિને નુકસાન ન પહોંચે તેની કાળજી લેવી જોઈએ. હરિયાણામાં બીકેયુ સહિત અનેક ખેડૂત સંગઠનોએ બિલના વિરોધમાં દેશવ્યાપી હડતાલને સમર્થન આપ્યું છે. આ સાથે જ રાજ્યની ભાજપ સરકારે પણ આંદોલનને ધ્યાનમાં રાખીને રાજ્યની સુરક્ષા વ્યવસ્થા રાખવા માટેની તૈયારી કરી લીધી છે. રાજ્યના ગૃહમંત્રી અનિલ વિજે ગૃહ વિભાગ અને

# પ્રસિદ્ધ ગાયક એસપી બાલાસુબ્રમણ્યમનું નિધન

**કોરોના થયા બાદ હોસ્પિટલમાં દાખલ હતા**

ચેન્નાઈ,તા.૨૫

પ્રસિદ્ધ ગાયક એસપી બાલાસુબ્રમણ્યમનું ૭૪ વર્ષની વયે આજે સવારે નિધન થયું છે. ઓગસ્ટ મહિનામાં કોરોના પોઝિટિવ આવ્યા બાદ તેમની ચેન્નાઈની એક ખાનગી હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી. કોરોના સામે લાંબી લડત લડ્યા બાદ આજે સવારે તેમનું નિધન થયું છે. પાંચમી ઓગસ્ટના રોજ જાણીતા ગાયક એસપી બાલાસુબ્રમણ્યમ કોરોના પોઝિટિવ થયા છે.

● અનુસંધાન પાન-૭ પર

# પરમાણુ ક્ષમતા ધરાવતી પૃથ્વી-૨ બેલેસ્ટિક મિસાઈલનું સફળ પરીક્ષણ

બાલાસોર,તા.૨૫

ભારતે પરમાણુ ક્ષમતા ધરાવતી પૃથ્વી-૨ બેલિસ્ટિક મિસાઈલનું ફરી એકવાર સફળતાપૂર્વક પરીક્ષણ કરીને દોઢી નજર રાખનાર પાડોશીને સ્પષ્ટ સંદેશ આપી દીધો છે. ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન દ્વારા તૈયાર શોર્ટ રેન્જ બેલિસ્ટિક મિસાઈલનું સ્ટ્રેટેજિક ફોર્સ કમાન્ડ દ્વારા પરીક્ષણ કરવામાં આવ્યું છે. સંભવતઃ બની શકે કે ચીન માટે આ સંદેશ છે કે જેણે તાજેતરમાં ડોકલામમાં પરમાણુ બોમ્બર તૈનાત કરી દીધા.

ઓડિશાના બાલાસોર કાંઠેથી છોડવામાં આવેલ આ પૃથ્વી ૨ મિસાઈલે તમામ લક્ષ્યોને ભેદયા જે પરીક્ષણ માટે પસંદ કરાયા હતા. આ જમીનથી જમીન પર પ્રહાર કરનાર આ મિસાઈલ પરમાણુ શસ્ત્રો વહન કરવામાં સક્ષમ છે. લગભગ અડધો ટન વજનવાળા પરમાણુ બોમ્બ વહન કરવામાં સક્ષમ મિસાઈલ ૧૫૦ થી ૬૦૦ કિ.મી. સુધી પ્રહાર કરી શકે છે.


